જીવનનું સુખ આપણા જ વિચારો પર આધારિત છે
- ઝેનકથન


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૩૩ | ૨૩ જુલાઇ, ૨૦૧૪, બુધવાર; અષાઢ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

NEWS બિટ્સ

## ● પીએમ મોદી હવે અલગ સ્ટાઈલના કપડામાં જોવા મળશે



ભારતીય રાજકારણીઓના વસ્ત્ર પરિધાનની ડિઝાઈનમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળતો નથી. સફેદ કુર્તા-પાયજામાની રેન્જ સિવાય તેઓ નવી સ્ટાઈલના વસ્ત્રો પરિધાન કરવાનું ટાળે છે. પરંતુ વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના પુરોગામીઓ કરતા અલગ ચીલો ચાતરવાની હંમેશા તત્પરતા બતાવે છે. આગામી સપ્ટેમ્બર માસમાં તેઓ અમેરિકાના પ્રવાસે જવાના છે ત્યારે તેઓ નવી સ્ટાઈલ અપનાવવાનું આયોજન કરી રહ્યા છે. તેમના વોર્ડરોબ ઈન્ચાર્જ ટ્રોય કોસ્ટા મોદીના નવા વસ્ત્રોની ડિઝાઈન કરી રહ્યું છે. આ ડિઝાઈનના ગ્રાહકોમાં બોલીવુડના ખાન અને અંબાણી કુટુંબનો સમાવેશ થાય છે.

## ● આપના કુમાર વિશ્વાસને બીગ બોસમાં પાંચ કરોડની ઓફર



રાહુલ ગાંધી સામે ચૂંટણીમાં ઉભા રહેવાની હિંમત દાખવનાર અને ઘેરા પરાજયનો સામનો કરનાર આપના નેતા અને યુવા કવિ કુમાર વિશ્વાસને બીગબોસ શૉ તરફથી પાંચ કરોડની ઓફર કરવામાં આવી છે. કુમાર વિશ્વાસે આ વાતને સમર્થન આપતા જણાવ્યું છે કે બીગ બોસની પ્રોડકશન કંપની એન્ડ મોલે આ શૉ માં ભાગ લેવા માટે સંપર્ક સાધ્યો છે અને પાંચ કરોડની ઓફર કરી છે.

## ● કેબીસી-૮માં સામાજિક વાતાવરણ પર ધ્યાન કેન્દ્રિત કરાશે



કેબીસીની આઠમી સીઝનનો ટુંક સમયમાં પ્રારંભ થઈ રહ્યો છે. આ શૉ હોસ્ટ કરતા અમિતાભ બચ્ચને કહ્યું છે કે તેઓ આ વખતની સિઝનમાં કોમ્યુનિટી બોન્ડિંગની સ્ટોરીઓથી કરોડો લોકોના દિલ જીતી લેશે. ગઈ સિઝનનો શૉ 'કોમનમેન' ની થીમ આધારિત હતો.

# જિલ્લા પંચાયતને મકાન કે જમીન આપવા તાકિદે નિર્ણય કરાશે

### વિધાનસભામાં પંચાયત વિભાગની માંગણીઓ પરની ચર્ચાનો પ્રત્યુત્તર આપતા પંચાયત રાજયમંત્રી જયંતિભાઈ કાવડીયાએ જાહેરાત કરી હતી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની જમીન-મકાન અંગેના પ્રશ્ન અંગે સરકાર દ્વારા ઝડપથી સકારાત્મક રીતે કાર્યવાહી કરવાની હૈયાધારણ રાજય પંચાયતમંત્રી શ્રી જયંતીભાઈ કવાડિયાએ વિધાનસભા ગૃહમાં પંચાયત વિભાગ પરની માંગણીઓની ચર્ચાને અંતે કોંગીના ધારાસભ્ય શ્રી અમીત ચૌધરીના પ્રશ્નના ઉત્તરમાં આપી હતી.

આજે રાજય વિધાનસભા ગૃહમાં પંચાયત વિભાગની માંગણીઓ પરની ચર્ચામાં પૂર્વ પ્રમુખ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલાએ તેમજ શ્રી અમીત ચૌધરીએ ભાગ લીધો હતો.

માંગણીઓ પરની ચર્ચાને અંતે સભ્યોને પ્રશ્નો પુછવા દેવામાં આવતા હોયછે તેમાં શ્રી અમીત ચૌધરીએ પ્રશ્ન કર્યો હતો કે ગાંધીનગર જિલ્લા પંચાયત હાલ તાલુકા પંચાયતની કચેરીમાં કાર્યરત છે. આ માટે જમીનની માંગણી કરાઈ છે. તેનું શુ થયું ? ક્યાં સુધીમાં સરકાર આ માંગણી પુરી કરવા માંગે છે ?

રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે તાલુકા પંચાયતના ભવનના નિર્માણ માટે અગાઉ રૂ. ૮૦ લાખ સુધીનુ અનુદાન આપવામાં આવતુ હતુ તે વધારીને ૧.૫૦ કરોડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની જમીનનો મુદ્દો જે છે તે અંગે સરકાર વહેલામાં વહેલી તકે યોગ્ય કાર્યવાહી માટે આગળ વધશે અને જરૂરી રસ્તો કરવાનો નિર્ણય કરીશુ.

ગાંધીનગર જિલ્લા પંચાયતને જમીન ફાળવવા માટે અગાઉ ત્રણ વખત સામાન્ય સભાએ પ્રસ્તાવો પણ પસાર કર્યા છે. એક તબક્કે વર્ગ-૧ ના અધિકારીઓને બેસવાની પડતી તકલીફ સહિતની વિગતો સાથે ઉચ્ચસ્તરીય બેઠક પણ યોજવામાં આવી હતી પરંતુ આ પછી ફાઈલ અભેરાઈએ ચડી જવા પામી છે.

થોડા સમય પૂર્વે અર્થાત્ ૧૨મી વિધાનસભામાં પણ પંચાયત વિભાગની માંગણીઓ પરની ચર્ચા દરમ્યાન તત્કાલીન મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે વિધાનસભાના સ્વર્ગીય અધ્યક્ષ પ્રો. મંગળદાસ પટેલના પ્રશ્નના જવાબમાં પણ જમીનના પ્રશ્ને સરકાર ઝડપથી નિર્ણય લેશે તેવી ખાત્રી આપી હતી. આ વાત પણ સરકારની ફાઈલોમાં ધરબાઈ જવા પામી છે.

આજે વધુ એક વખત પંચાયત મંત્રીશ્રીએ જમીન કે મકાનને લઈ ઝડપથી યોગ્ય કાર્યવાહી દ્વારા

● અનુસંધાન પાન-૭ પર



મકાઈ ડોડાની મજા - મેઘરાજાએ પધરામણીનું મુર્હુત કરી પાછા ક્યાંક અટવાયા છે... પરંતુ મેઘરાજાની સાથે મકાઈની પધરામણી નગરના પાદરે થઈ ગઈ છે... વરસતા વરસાદમાં મકાઈ ડોડા ખાવાની એક અનોખી મજા છે... ગાંધીનગર - અમદાવાદના બંને માર્ગો પર સંખ્યાબંધ લારીઓ પર વરસાદના બે કે ત્રણ મહિના મકાઈ ડોડા અચૂક મળે... અને યુવા વર્ગ આ લાભ લેવાનું ચૂકતો નથી... પ્રાકૃતિક સૌંદર્યની સાથે સાથે પ્રકૃતિના પ્રસાદને ગ્રહણ કરવાની અનોખી મજા હોય છે... ગાંધીનગરનું સદ્ભાગ્ય છે કે આસપાસની વનરાજીમાં વૃક્ષો નીચે ગરીબ શ્રમજીવીઓ ગરમ-ગરમ મકાઈ વેચીને પોતાનું ગુજરાન ચલાવે છે... સામાજીક સમરસતાનું સૌથી મોટું અને સરસ સમીકરણ સમજવું હોય તો મકાઈ ડોડાની લારી પર ૧૦ લાખની ગાડીના માલિકો હોંશે હોંશે મકાઈ ડોડા ખાય એનાથી ઉત્તમ સમરસતા ક્યાંય અનુભવાતી નથી.... (તસવીર : કશ્યપ નિમાવત)

# જૂનાગઢ મનપામાં ભાજપનો ભગવો લહેરાયો

### સૌરાષ્ટ્રભરમાં વિજયની શાનદાર ઉજવણી થઇ : ગુજરાતની તમામ મહાનગર પાલિકાઓમાં ભાજપનું શાસન ગોઠવાયું : કોંગ્રેસે પરાજયની સર્જેલી હેટ્રીક : વડાપ્રધાન મોદીએ ટ્વીટ કરી મતદારોનો આભાર માન્યો

અમદાવાદ, તા. ૨૨

જૂનાગઢ મહાનગરપાલિકાની પ્રતિષ્ઠાભરી ચૂંટણીમાં આજે જાહેર થયેલા પરિણામમાં ભાજપનો શાનદાર વિજય થયો હતો. કુલ જાહેર થયેલી ૬૦ બેઠકોમાંથી ભાજપના ફાળે ૪૧ બેઠકો થઈ છે ત્યારે કોંગ્રેસને માત્ર ૧૬ બેઠકોથી સંતોષ માનવો પડ્યો છે અને બસપાને બે બેઠકો મળી છે જ્યારે અપક્ષને પણ એક બેઠક મળી છે. આમ વધુ એક કોર્પોરેશન કબજે કરવામાં ભાજપને સફળતા મળી છે. આજે સવારથી જ શરૂ થયેલી મત ગણતરીમાં પ્રારંભિક તબક્કામાં ભાજપને મળેલી લીડ છેવટ સુધી કાયમ રહી હતી જેના કારણે કોંગ્રેસ પાસેથી સત્તા આંચકી લેવામાં ભાજપને સફળતા મળી છે. ગત વખતે કોંગ્રેસને મળેલી બહુમતિ કરતાં પણ ભાજપનો દેખાવ આ વખતે અભૂતપૂર્વ રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર



સાયપ્રસ મુખ્યમંત્રી સાથે - ટાટા ગ્રુપના ચેરમેન સાયપ્રસ મિસ્ત્રી મંગળવારની સવારે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન ટાટાના આગામી પ્રોજેક્ટ અંગે વિગતવાર ચર્ચા કરી હતી. મુખ્યમંત્રીએ નવા મૂડીરોકાણ માટે ગુજરાત આવવા આમંત્રણ પાઠવ્યું હતું અને આંતરમાળખાકીય સુવિધાઓ માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ હોવાની વાતને દોહરાવી હતી.

# ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર સત્ર ટુંકાવાયું

### કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં ૨૫મીએ સત્રને સમાપ્ત કરવાનો નિર્ણય કરાયો

ગાંધીનગર, તા. ૨૨

રાજ્ય સરકાર દ્વારા ૧૩મી વિધાનસભાના ચોથા સત્રને ટુંકાવવાનો નિર્ણય લેવાયો છે. ૧ જુલાઈએ શરૂ થયેલું બજેટ સત્ર ૩૦ જુલાઈએ પુરૂ થવાનું હતું જો કે હવે સત્રનું સમાપન ૨૫ જુલાઈએ જ થઈ જશે. અને તે પહેલા વિધાનસભામાં તમામ કામો પુરા કરી દેવાશે.

પહેલા આ સત્ર સત્ર ૩૦ જુલાઈ સુધી ચાલવાનું હતું જો કે આગામી સપ્તાહે ચાર રજાઓ આવતી હોવાથી છેલ્લા ૩૦ જુલાઈના એક દિવસ માટે સત્ર બોલાવાનું થતું હતું. જેને પગલે કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં સત્ર ટુંકાવવાનો નિર્ણય લેવાયો છે. અને છેલ્લા એક દિવસનું કામકાજ બુધવારે બે બેઠક બોલાવી પુરૂ કરી દેવાનું આયોજન કરાયું છે. જેને પગલે ગુજરાત વિધાનસભાનું આ સત્ર શુક્રવારે પુરૂ થઈ જશે.



રાજ્યપાલ પ્રધાનમંત્રી સાથે - ગુજરાતના નવનિયુક્ત રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલી આજે મંગળવારે દિલ્હી ખાતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સૌજન્ય મુલાકાત લીધી હતી. ગુજરાતના વિકાસ સંદર્ભે રાજ્યપાલશ્રીએ પ્રધાનમંત્રી સાથે વિગતે વાતો કરી હતી.

# અધિકારી બિમાર પડતાં સિવિલની સેવાઓ પુનઃ ચર્ચાના ચગડોળે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીને શંકાસ્પદ ડેન્ગ્યુ જણાતાં તેઓ સારવાર માટે અમદવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતા અને તેના પડઘા હવે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પડી રહ્યા હોવાનું બહાર આવવા પામ્યું છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના લેબોરેટરી પૃથ્થકરણને લઈ સમસ્યા વધુ ચર્ચાસ્પદ બની હોવાનું કહેવાઈ રહ્યું છે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે આ અધિકારીને તાવ આવ્યો હતો અને તપાસ માટે સિવિલમાં આવ્યા હતા. સિવિલમાં સારવાર દરમ્યાન ફેર ના જણાયો. બે દિવસ બાદ પુનઃ તપાસ માટે તેઓ સિવિલ આવ્યા હતા. ત્યારે લોહીના નમુનાઓનું પૃથ્થકરણ કરવાની સલાહ અપાઈ હતી. આ અધિકારીએ તાબડતોબ સિવિલની લેબ ઉપરાંત એક ખાનગી લેબમાં પરીક્ષણ કરાવ્યું.

ખાનગી લેબમાં પ્લેટ લેટ કાઉન્ટ ઓછા જણાયા હતા જયારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમા વાહકજન્ય રોગનો સંપૂર્ણ નેગેટીવ રિપોર્ટ અપાયો હતો. આ પછી અધિકારી ખાનગી રિપોર્ટને આધારે અમદાવાદ સિવિલમાં દાખલ થયા હતા.

સારવાર બાદ પરત ફરેલા અધિકારી દ્વારા હવે સિવિલના તંત્રની આકરી કસોટી શરૂ થઈ હોવાની વાતોને લઈ સમગ્ર પ્રકરણ ચર્ચાના ચકડોળે ચઢ્યું છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ એનએબીએચ હોસ્પિટલ હોવા છાતં દર્દીઓ માટે રિસ્ક લેવાનું અહિ ટાળવામાં આવે છે તેમજ જવાબદારીમાં છટકવાની રીતો અપનાવવામાં આવતી હોવાની વાતો હવે છૂટથી થવા લાગી છે. જો કે આ પ્રકરણ નહિ પણ સામાન્ય માનવીની સુવિધાને લઈ સિવિલ હોસ્પિટલ છેલ્લા થોડાક સમયથી વધુ ચર્ચામાં આવી છે.

અહિ ફોન ચાલતા હોતા નથી, કેમ્પસમાં જ્યાં ત્યાં ખાડા જોવા મળે, જેવી ફરિયાદો પણ વધવા પામી છે અને ચર્ચાના ચગડોળે ચડી છે. ગાંધીનગરની હેલ્થનીતિ અલગથી બનાવવાની વાતો ફાઈલોમાં ધરબાઈ જવા પામી છે તે પુનઃ ધબકતી થાય તે જરૂરી છે.

# અર્બન બેંકના ચેરમેન પદે ડી.ટી. પટેલ અને એમ. ડી. તરીકે ચંદુભાઈ પટેલ



ગાંધીનગર, તા. ૨૨

ધી ગાંધીનગર અર્બન કો. ઓ. બેંક લિ.ની નવનિર્વાચીત બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક ગઈકાલે સોમવારે મળી હતી. પરસોત્તમ એમ. પટેલના અધ્યક્ષસ્થાને મળેલ બેઠકમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં બેંકના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં ચેરમેન તરીકે સામાજીક કાર્યકર ડાહ્યાભાઈ ટી. પટેલ, વાઈસ ચેરમેન તરીકે જાણીતા વેપારી બિપિનભાઈ વી. પટેલ અને મેનેજીંગ ડિરેક્ટર તરીકે વેપારી ચંદુભાઈ એચ. પટેલની બિન હરીફ વરણી કરવામાં આવી હતી.

## દ્વિતિય પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ. કાન્તિભાઈ હરદાનભાઈ બારોટ
(જન્મ તા. ૧-૬-૧૯૪૮ - સ્વ.તા. ૨૩-૭-૨૦૧૨)
(Ex. Bank of Maharashtra & Indian Airforce Officer)

આપની હયાતી અમારી પ્રેરણા હતી, આપના આદર્શ માર્ગદર્શક હતા, આપનો પરોપકારી સ્વભાવ, નિડરતા, પ્રમાણિકતા અને સંસ્કારી ગુણોનો અમુલ્ય વારસો એ જ અમારા ભાવિ જીવનની મહામુલી મુડી છે. આપના અધુરા સ્વપ્નો પુરા કરવાની ઈશ્વર અમોને શક્તિ આપે, આપના પવિત્ર આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના....

ગં.સ્વ. મુક્તાબેન કાન્તિભાઈ બારોટ

દિનેશભાઈ કાન્તિભાઈ બારોટ
હેમાબેન દિનેશભાઈ બારોટ
મુકેશકુમાર રસિકભાઈ બ્રહ્મભટ્ટ
ઝંખનાબેન મુકેશકુમાર બ્રહ્મભટ્ટ

ડો. દિપકભાઈ કાન્તિભાઈ બારોટ
પ્રેરણાબેન દિપકભાઈ બારોટ
તથા સિધ્ધાર્થ, વેદાંત, નિશિથ (પૌત્ર)
તથા સમગ્ર બારોટ પરિવાર

બ્લોક નં. ૨૮૩, ગાયત્રી સોસાયટી સે-૨૭, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯ ૨૩૨ ૨૮૫૭૨, મો. ૯૮૨૫૨ ૩૦૪૨૨, ૯૬૮૭૯ ૫૫૭૩૪

## જોઈએ છે

સેક્ટર-૪એથી સરગાસણ ચોકડી, ખ-રોડ સુધીની સોસાસટીઓમાં વહેલી પરોઢે પેપર વિતરણ કરી શકે તેવા ઉત્સાહી યુવાન જોઈએ છે. અથવા ઉપરોક્ત પેપર વેચાણથી લેવાની ઈચ્છા ધરાવતા વ્યક્તિઓએ સંપર્ક કરવો.

સંપર્ક :
વિપુલ એસ. ક્રિશ્ચિયન
મો. ૯૯૨૫૫ ૨૭૬૯૨

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

PDPU CENTER OF CONTINUING EDUCATION
PANDIT DEENDAYAL PETROLEUM UNIVERSITY ......RAISAN GANDHINAGAR

Learn Foreign Languages Make a Vibrant Career In:
Manufacturing Industries, IT Industry, Public Relation & Mass Communicaion, Tourism, MNCs, International Busiess etc.

| Program | Start Date | Timings |
|---|---|---|
| Spanish Language (Basic Level-46 hours) | 28th July, 2014 | Mon.,Wed. & Fri. 6:00 P.M. to 8:00 P.M. |

Fee Rs. 6000/- (Inc. Service Tax)

For Registration : 11.00 A.M. to 4.00 P.M. (Monday to Friday) at 2nd Floor, SPT-1 Building, PDPU. Ph. : 079-23275009 Mo. :9427613813
E-mail: bipin.mehta.pdpu.ac.in Web. : www.pdpu.ac.in

## જોઈએ છે

રસોઈઓ જોઈએ છે

ગુજરાતી, પંજાબી રસોઈ તથા નાસ્તાના જાણકાર રસોઈયાની ઘર માટે જરૂર છે. (આકર્ષક પગાર)

મો. : ૯૯૭૮૪ ૪૦૮૦૧

## ગાંધીનગર માટે

આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો

૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧